શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ



માર્ચ - ૨૦૧૫
અંક - ૨
વર્ષ : ૫૪
સળંગઅંક : ૪૧૬
માસિક કિંમત - ૧૦/-
વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# છઠ્ઠી પૂણ્યતિથિએ હૃદયાંજલી

## ૐ શાંતિ..... ૐ શાંતિ..... ૐ શાંતિ......



**સ્વ. યોગેશચંદ્ર બી. પંચોલી**

**જન્મ : તા. ૧-૪-૧૯૪૫** **અક્ષરવાસ : તા. ૨૨-૨-૨૦૦૯**

પપ્પા વિશે ઓછું કહેવુ કે પપ્પા સાથે ઓછું બોલવું એટલે શબ્દો ઓછા પડવા એમ નહીં... શબ્દો આછાં પડવા !!!
પપ્પા જે તણખલાં વીણી વીણી એક મઝાનો માળો બાંધે, સબંધોની સોડમ રાંધે, શમણાંઓના ટૂકડાં સાંધે..!!!
સંતાનને ઉત્તમ મળે, સંતાન ઉત્તમ બને, એ માટે ઊર્જા અને ઉષ્માનું કલ્પવૃક્ષ.....એટલે પપ્પા..

*Thank yoy pappa*

છઠ્ઠી પૂણ્યતિથિએ અર્પણ કરીએ છીએ અમારા સૌની હૃદયાંજલી

## અર્પણકર્તા

ગં.સ્વ. ભદ્રાબ્બેન યોગેશભાઇ પંચોલી

તેજસ વાય. પંચોલી
દિપાલી ટી. પંચોલી
ચિ. કર્ણવ - માલવ
541 Reeves Way Blvd
Stouffville, Ontario,
Canada L4A 0H1
૦૦૧-૪૧૬-૬૦૯ ૦૮૯૫

ભાવિન વાય. પંચોલી
નેહા બ્બી. પંચોલી
ચિ. વંશ
12A, Vatsalya Apartment,
Opp Indraprastha 8,
Nr. Tulip Bunglows,
Surdhara Circle,Thaltej, Ahmedabad
૦૭૯-૨૭૪૬૨૨૫૬

કશ્યપ વી. મપારા
કાજલ કે. મપારા
ચિ. દેવાંશ
Gold B701,
Samruddhi Residency,
Opp Zadeshwar Bus Stop,
Bharuch
૦૯૭૨૭૭૫૮૩૯૭

# પરિણયની પંગદંડીએ.....



**ડગ ભરતા**
**ચિ. અંકિત(સાગર) અને ચિ. અમી**
**ના જીવનમાં અનેક વસંતો ખીલતી રહે...**
**મહેકતી રહે.....ચહેકતી રહે.....અને આનંદના ફુવારાઓ સદા ફુટતા રહે...**
**એવી હાર્દિક શુભેચ્છાઓ સહ શુભાશિષ**

## અર્પણકર્તા

શ્રી કનૈયાલાલ પનસલાલ પંચોલી
શ્રીમતિ વીણાબેન કનૈયાલાલ પંચોલી
શ્રી ધર્મેન્દ્રભાઇ કનૈયાલાલ પંચોલી
શ્રીમતિ ભારતીબેન ધર્મેન્દ્રભાઇ પંચોલી
શ્રી સ્વપ્નીલ ધર્મેન્દ્રભાઇ પંચોલી
શ્રીમતિ બિન્ની સ્વપ્નીલ પંચોલી
ચિ. ધ્યાની સ્વપ્નીલ પંચોલી
ચિ. રિધ્ધિ ધર્મેન્દ્રભાઇ પંચોલી

એ-૭૦૨, સૂર્યમવીલા,
ગેલેક્ષી સર્કલ પાસે
પાલ-સુરત
ફોન : ૦૨૬૧ - ૨૯૧૦૬૪૬

શ્રી મુકેશભાઇ કનૈયાલાલ પંચોલી
શ્રીમતિ વૈશાલીબેન મુકેશભાઇ પંચોલી
ચિ. ભૂમિ મુકેશભાઇ પંચોલી

એ-૫૦૨, શાલીગ્રામ ફ્લેટસ,
TGB પાસે, એલ.પી.સવાની રોડ,
અડાજણ-સુરત
ફોન : ૦૨૬૧ - ૨૭૩૭૩૭૩

## શ્રદ્ધાંજલી



**સ્વ. ઠાકોરભાઈ મોરારભાઈ પંચોલી**
**તા. ૧૬ઃ૨ઃ૨૦૧૫-સોમવાર**

પંચોલી સમાજની સેવા જેમની ગળથૂથીમાં હતી. એવા સન્માનીય વ્યકિતત્વ ધરાવતા ઠાકોરભાઈ હંમેશા સહુને પ્રેરણા આપતાં, વ્યારા પંચોલી ભગીની સમાજની શરૂઆત એમની પ્રેરણાથી થઈ હતી. યુ.કે.માં પંચોલી વિધવા નિરાધાર સહાયક ફંડનો પાયો એમણે નાંખ્યો હતો. એટલું જ નહીં જીવન પર્યંત એ ફંડ સાથે સંકળાયેલા રહ્યા.. હસમુખો, રમુજી સ્વભાવ, ગંભીર વિષયને પણ રસપ્રદ રીતે રજુ કરવાની તેમની આવડતથી મિટિંગો રસસભર બનતી. નવયુગ પ્રત્યે અદમ્ય લાગણી ધરાવતા, વ્યારા સમાજ તથા મહામંડળની ઘણી મિટિંગોમાં એમણે પ્રેરણાદાયી રજુઆતો કરી હતી. એવા આ વિરલ વ્યકિતત્વને કોટો કોટી વંદન..
પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે...

### અર્પણકર્તા

મનિષભાઈ એમ. પંચોલી-પ્રમુખ          ચંદ્રકાંતભાઈ જે. પંચોલી-મહામંત્રી
ઉપપ્રમુખ, સહમંત્રી, ખજાનચી બોર્ડના અધ્યક્ષ અને સભ્યો
તબીબી સેવા સંકુલ, સમાજ સુરક્ષા યોજના, પંચોલી નવયુગ, સી.ટી.સ્મારકનિધિ, વેબસાઈટ
મહિલા સંગઠન, યુવા સંગઠનના પ્રમુખ તથા મંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
તથા સમગ્ર પંચોલી સમાજ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત** - **૧૦/-**
**વાર્ષિક લવાજમ** - **૧૦૦/-**

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

વસંતના આગમન બાદ હોળી-ધુળેટીના તહેવારો આવે છે... રંગો આપણને એક સંદેશ આપે છે એકબીજામાં ભળીને એક નવો જ રંગ બનાવવો... આપણે પણ દરેક એકમો અરે સમગ્ર પંચોલી જ્ઞાતિ પરિવારજનો એક બીજામાં ભળીને એક આગવો પંચોલી સમાજનું નિર્માણ કરીએ....સક્રિય બનીને.. હોળી પણ એક સંદેશ આપે છે આસુરી શકિત પર દૈવી શકિતનો વિજય... આપણાં માં રહેલા મારા તારાના અસુરોનો નાસ કરી આપણે એક બનીએ.. આપણે ફકત કહીએ છે... હમ સબ પંચોલી એક હૈ.... આ તહેવારથી સંકલ્પ કરી સાચા અર્થમાં આપણે એક બનીએ... એકતા માંથી જ વિકાસની કેડી કંડારાય છે..

માર્ચ મહિનાથી બાળકોની પરિક્ષાની સીઝન શરૂ થાય છે... સૌ પરિક્ષાર્થીઓને મારા તરફથી તથા સમગ્ર પંચોલી સમાજ તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું કે આપ સૌ સારા માર્કસ લાવી ઉર્ત્તિણ થાઓ અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો.. નરેન્દ્રભાઈ મોદીની મનની વાતમાં કહ્યું તે પ્રમાણે પરીક્ષાનો ડર કાઢીને આપણે હળવા ફુલ થઈને પરીક્ષા આપીએ...

જેના હૈયે સમાજના જ્ઞાતિજનો માટે ખૂબ જ હેત છે... વિધવા-નિરાધાર જ્ઞાતિજનો માટે એક અદમ્ય લાગણી છે... પંચોલી નવયુગનું એમના હ્દયમાં જીવનમાં એક અનેરૂ સ્થાન છે... ટુકમાં કહીએ તો જીવનમાં સમગ્ર પંચોલી જ્ઞાતિ માટેનું વિશિષ્ટ સ્થાન ધરાવનાર અને વામન છતાં વિરાટ વ્યકિતત્વ ધરાવનાર એવા લેસ્ટરના શ્રી ઠાકોરભાઈ મોરારભાઈ પંચોલીનું તા. ૧૬.૨.૨૦૧૫ના રોજ નિધન થયું.. સમાજે એક સમાજ સેવક ગુમાવ્યો છે... એમના અવસાનથી ખરેખર આપણે નિરાધાર બન્યા છીએ...

મુંબઈ એકમના મુકસેવક તથા સમાજરત્ન શ્રી પરમાનંદભાઈ રામજીભાઈ પંચોલીનું નિધન થતા સમાજે બે સમાજ સેવકો ગુમાવ્યા છે... પ્રભુ આ બન્ને સદ્‌ગત આત્માઓને શાંતિ અર્પે અને એમના ચરણમાં શાશ્વત સુખ સાથેનું સ્થાન આપે એજ પ્રાર્થના... બન્નેના સ્વજનો પર આવેલ આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના....

અંતમાં કહેવાનું મન થાય છે કે.....

લાગણીનો મીઠો વહેવાર મોકલું છું..
રંગોનો આખો તહેવાર મોકલું છું...
સ્નેહથી ખેલજો હોલી સ્નેહીજનો સાથે..
કલર સરીખો આ સ્નેહ મોકલું છું.....હેપી હોલી

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને નમસ્કાર,

મકર સંક્રાંતિની મઝા માણ્યા બાદ હવે હોળીનાં તહેવારનાં આગમનની તૈયારીમાં પડ્યા હશો, વિદ્યાર્થી મિત્રો પોતાના વર્ષનો અભ્યાસ પૂર્ણ કરી વાર્ષિક પરીક્ષાની તૈયાર કરવા માંડયાં હશો, સુંદર આયોજન કરી સારા માર્કસ સાથે પરીક્ષામાં ઉર્તિણ થશો એવી શુભેચ્છા પાઠવુ છું.

સમાજસેવા જેના ગળથુથીમાં હતા એવા સન્માનીય વ્યકિતત્વ ધરાવતા સહુને પ્રેરણા આપતા અને આપણા સમાજની વિધવા બહેનોને મદદરૂપ થવા યુ.કે.માં વસતાં આપણા જ્ઞાતિજનોને ભેગા કરી વિધવા સહાય ફંડની સ્થાપના કરવામાં અગ્રેસર રહેતા વડીલ શ્રી ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલીનાં અવસાન થી સમાજને મોટી ખોટ પડી છે. તેઓ છેવટ સુધી વિધવા સહાય યુ.કે.નાં ફંડ સાથે તથા સમાજમાં દાન આપવા માટે સંકળાયેલ રહયા, તેઓશ્રીની સમાજ સેવાને કદી ભુલી શકાય એમ નથી, એવા વિરલાને કોટી કોટી પ્રણામ, પ્રભુ તેમનાં આત્માને ચિર શાંતી અર્પે એવી પ્રભુ પ્રાર્થના કરૂ છું. મહામંડળનાં માજી પ્રમુખ શ્રી કુમારભાઇ એ. મિસ્ત્રી એ પોતાનાં સમાજ સુરક્ષા વળતરની રકમ પોતાનાં અવસાન બાદ તબીબી સહાયમાં વાપરવા માટેની સંમતિ આપી હતી. ગં.સ્વ. તરૂબેન તથા ફેમીલીનાં સભ્યોએ તેમના અવસાન બાદ મળવા પાત્ર રૂા. ૨૮,૦૦૦/- માં બીજા રૂા. ૨૩,૦૦૦/-ની રકમ ઉમેરીને 'ગં.સ્વ. તરૂબેન અને સ્વ. કુમારભાઇ એ. મિસ્ત્રી મેડીકલ વ્યાજ વપરાશ ફંડ' માં રૂા. ૫૧,૦૦૦/- નું દાન આપ્યુ છે. હું તરૂબેન તથા ફેમીલીનો આભાર માનું છું.

મુંબઇનાં સ્વ. નરોત્તમદાસ ડાહ્યાભાઇ મિસ્ત્રી સ્વ.વિજયાબેન નરોત્તમદાસ મિસ્ત્રી અને સ્વ. રમેશભાઇ નરોત્તમદાસ મિસ્ત્રી નાં સ્મરણાર્થે રૂા. ૫૧,૦૦૦/- સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડમાં મુંબઇનાં શ્રી મુકેશભાઇ પંચોલીનાં સહકાર થી પ્રાપ્ત થયા છે, મિસ્ત્રી પરિવારનો હાર્દિક આભાર માનું છું.

સુરતનાં શ્રી અનીલભાઇ ઉત્તમરામ મારફતીયા દ્વારા સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડ માં રૂા ૫૫,૫૫૫/- નું દાન પ્રાપ્ત થયુ છે શ્રી અનીલભાઇ તથા તેમની ફેમીલીનો હું હાર્દિક આભાર માનું છું.

સ્વર્ણિમ ફંડમાં દાનનો પ્રવાહ ધીમે-ધીમે વધતો રહયો જાય છે, પરંતુ હજી મોટા એકમો માંથી પૂરતો સહકાર પ્રાપ્ત થઇ રહયો નથી. મોટા એકમોનાં પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી તેમજ તેમની ટીમને હુ વિનંતી કરૂ છું કે આપ સૌ ભેગા મળી તમારા એકમ માંથી મહામંડળને સ્વર્ણિમ ફંડમાં વધુ ને વધુ દાનની રકમ પ્રાપ્ત થાય એવા પ્રયત્નો કરવા વિનંતી કરૂ છું.

વ્યારા ખાતે પ્રગતિ મહિલા મંડળ, વ્યારા અને શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારાના સંયુકત ઉપક્રમ 'પ્રગતિ પંથે નારી' સંમેલન સફળતાથી કર્યુ. હવે સ્વયં દ્વારા સુરત મુકામે રાખવામાં આવેલ કાર્યક્રમમાં દરેક એકમો માંથી વધુ યુવાનો હાજર રહે એવી વિનંતી કરૂ છું. દરેક એકમમાં યુવાનો માટે સ્વયં ગૃપની સ્થાપના થાય, જે એકમોમાં મહિલા મંડળની રચના કરવામાં આવી નથી ત્યાં રચના થાય એવુ આયોજન હાથ ધરવા વિનંતી કરૂ છું.

સ્વર્ણિમ ફંડમાં જે જ્ઞાતિજનો પોતાનો ફાળો નોંધાવવા માંગતા હોય તેઓશ્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, ના બેંક ઓફ બરોડાના ખાતા નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવી અમોને જાણ કરશો. આ સ્વર્ણિમ ફંડ માં દરેક મિત્રો નો સહયોગ પ્રાપ્ત થાય એવી આશા રાખુ છું. યુવાન મિત્રો પણ આ ફંડમાં સહયોગ આપે મહિલા મંડળ તથા સ્વયં ગૃપ નાં સભ્યો પણ આ સ્વર્ણિમ ફંડમાં સહયોગ આપે એવી વિનંતી કરૂ છું.

જે એકમોમાં સ્વયં ગૃપની સ્થાપના કરવામાં આવી નથી તે એકમોનાં હોદ્દેદારો પણ પોતાના એકમમાં સ્વયં ગૃપ ની રચના કરે એવી વિનંતી કરૂ છું.

પાલ વિભાગમાં અધિવેશન કરવા માટે પાલ વિભાગ ના કાર્યકરો/મિત્રો/બહેનો/યુવાનો આગળ આવે અને અધિવેશનનાં આયોજન ને આગળ વધાવે એવું આયોજન હાથ ધરવા માટે વિનંતી કરૂ છું.

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**014710003655 IFSC code Bkdn 0210147**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

નવયુગ શુભચિંતક શ્રી શાંતિલાલ મણીલાલ મિસ્ત્રી નવસારી સ્વ. સતિષભાઇ જમનાદાસ મિસ્ત્રી નવસારી

સત્કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



## સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨–આફ્રિકા–નૈરોબી    દેહવિલય : ૧૭.૧૨.૨૦૧૩**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

### અર્પણકર્તા

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઇ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી    શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઇ હરકિશનદાસ પંચોલી    શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)



**સ્વ. ડો. તેજલબેન પંચોલી**

જન્મ : ૨૬.૪.૨૦૮૩ દેવલોક : ૩૦.૩.૨૦૧૨

# ત્રીજી પૂણ્યતિથિએ હાર્દિક હૃદયાંજલી

દિવસો વિત્યા, ત્રીજુ વર્ષ પણ પૂર્ણ થયું વર્ષો વર્ષ જાશે..
પણ વ્હાલી તેજલ બેટા તમારી યાદ તમારી અકબંધ રહેશે...
આપનું સ્મરણ અમારા પ્રાણ છે... આપનો નિસ્વાર્થ સ્નેહ(પ્રેમ)
અમારી પૂજા છે.. આંખો હજી નિહાળે છે....
છુટી ગયો ભલે સાથ આપનો, હૃદયની નજદીક છો..
જીવનપથને પ્રકાશિત કરવા આપ દીપક છો...
આપની વિદાયને, અમારી વેદના છે..
આપનો નિ:સ્વાર્થ પ્રેમ અને હૂંફ અમારી પ્રેરણા છે..
આપની ચિર:વિદાય અમારા જીવનમાં પડેલો ખાલીપો
આ જન્મમાં પૂરાવો અશકય છે..
સુખ-દુ:ખમાં સદાય હસતા રહી સૌના હૃદયમાં વસતા ગયા..
નથી ભુલાતી વસમી વિદાય, દીકરી 'તેજલ'
તમારી હરપળ થાય સ્મૃતિ તમારી...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય, પરોપકાર આત્માને
શાશ્વત શાંતિ અર્પે, મંગલ મંદિરમાં સ્થાન આપે,
કૈલાશધામનું સુખ આપે એજ અમારી પ્રાર્થના...

**અર્પણકર્તા**

શ્રી કનુભાઈ ચંદુલાલ પંચોલી અ.સૌ. કુસુમબેન કે. પંચોલી
શ્રી બિજેશકુમાર કનુભાઈ પંચોલી અ.સૌ. હિરલબેન બી. પંચોલી
ચિ. આર્ષ (આશુ) બી. પંચોલી
સી-૩૦, કમળાપાર્ક સોસાયટી, હરણી-વરાસીયા રીંગરોડ, વડોદરા
મો. ૯૮૯૮૮ ૨૫૯૦૩

# સંખેડા પંચોલી સમાજનું ગૌરવ



સંખેડા નિવાસી શ્રી સુરેશભાઈ મંગુભાઈ પંચોલીના ધર્મપત્ની શ્રીમતિ ઈન્દુબેનનું સન્માન ગુજરાત રાજયમાં છોટાઉદેપુર તાલુકા અને જિલ્લાના તેજગઢ ગામેથી ૨૦ ઓકટો.-૧૯૭૫થી સંકલિત બાળવિકાસ યોજના (I.C.D.S.) પ્રોજેકટનો અમલ કરવામાં આવેલ ત્યારથી આજ પર્યત આગણવાડી વર્કર તરીકે નિષ્ઠા પૂર્વક ફરજ બજાવવા બદલ સંસદિય સચીવ શ્રી વાસણભાઈ આહિર તથા જિલ્લા કલેકટર જેનુ દેવનના વરદ હસ્તે સાલ ઓઢાડી પ્રમાણપત્ર આપી કરવામાં આવ્યું....
સન્માન મેળવી પંચોલી સમાજ સંખેડા અને પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે...અભિનંદન...

'ૐ સાંઈરામ'

નાના-નાનીને હૈયે હિંચનાર, મામા-મામીનો દુલારો..
જેસલ-દક્ષેશનું અણમોલ રતન

**ચિ. ભવ્ય દક્ષેશકુમાર પંચોલી**



શ્રી જયરાજભાઈ એ. પંચોલી -નાના
શ્રીમતિ હર્ષાબેન જે. પંચોલી-નાના
શ્રી ચિંતન જે. પંચોલી-મામા
શ્રીમતિ પાહિની સી. પંચોલી-મામી

એ-૮, મધુરમ ટેનામેન્ટ, સમા બસ સ્ટેન્ડ સામે,
વડોદરા-૮
ફોન : ૦૨૬૫-૨૭૧૪૦૩૨/મો. ૯૮૨૪૦ ૧૫૦૫૬

## તૃતીય વાર્ષિક પૂણ્યતીથીએ
# હૃદયાંજલી

આટલી નાની વયે તારી મૃત્યુ સાથે દોસ્તી,
અરે પ્રભુ તમે કેમ બનાવી આટલી સસ્તી,
ભુલાશે નહીં તારી કદી પ્રેમાળ હસ્તી,
પછી ભલે પ્રભુ એ કરી હોય તારી સાથે જબરજસ્તી...

હે ! પ્રભુ અમારી તેજલના આત્માને પરમ શાંતિ આપજે
તૃતીય પૂણ્યતિથિએ અમારી હૃદયાંજલી

### અર્પણકર્તા

વિઠ્ઠલભાઇ છીતાલાલ પંચોલી શર્મિષ્ઠાબેન વિઠ્ઠલભાઇ પંચોલી
ઘનશ્યામ વિઠ્ઠલભાઇ પંચોલી અલ્પાબેન ઘનશ્યામભાઇ પંચોલી
દક્ષેશકુમાર વિઠ્ઠલભાઇ પંચોલી ભાવિકાબેન દક્ષેશકુમાર પંચોલી
ચિ. હર્ષિત દક્ષેશકુમાર પંચોલી
શ્યામકુમાર સી. પંચોલી ભાવિકાબેન એસ. પંચોલી
ચિ. નિધિ - મલ્હાર - નિધિશ - આર્ષ

૨૮/૭, G.N.F.C. ટાઉનશીપ,
પો. નર્મદાનગર, ભરૂચ ૩૯૨ ૦૧૫ મો. ૯૮૯૮૭ ૫૪૫૪૦



**સ્વ. અ.સૌ. ડો. તેજલબેન દક્ષેશકુમાર પંચોલી**
જન્મ તા. ૨૬.૪.૧૯૮૩,
દેહાવસાન : ૩૦.૩.૨૦૧૨

# આગમનના વધામણાં



**રેયાંશ કેતુલ પંચોલી**
જન્મ તા. ૨૩:૧૦:૨૦૧૪
તેજગઢ

દિવાળીના શુભ દિને
અમારા પંચોલી પરિવારમાં થયેલ
આગમનને વધાવીએ છીએ..
આપનું જીવન હંમેશને માટે
ઝળહળતુ રહે
અને આપના જીવનમાં હંમેશા
દીપકનો પ્રકાશ પ્રસરતો રહે...
એવા આશીર્વાદ સાથે
અંતરની હાર્દિક શુભેચ્છાઓ....



**રેયાન પરીન સોની**
જન્મ તા. ૨૩:૧૦:૨૦૧૪
ઓસ્ટ્રેલીયા

શ્રી હસમુખભાઇ વિઠ્ઠલદાસ પંચોલી
ભાવનાબેન હસમુખભાઇ પંચોલી
કેતુલ હસમુખભાઇ પંચોલી
દિવ્યા કેતુલ પંચોલી
પંચોલી મેન્સન, તેજગઢ, જિ. છોટાઉદેપુર



પરીન દેવેન્દ્રભાઇ સોની-ઓસ્ટ્રેલીયા
સ્વીટી પરીન સોની-ઓસ્ટ્રેલીયા
પ્રશાંત મુકેશભાઇ પંચોલી-વડોદરા
જાગૃતી પ્રશાંત પંચોલી-વડોદરા
ચિ. દિયા-આશી

## Shaadi.com



**નામ : ગૌરાંગ**
જન્મ તા. : ૭.૮.૧૯૯૦ ઉંચાઇ ૫'-૩''
અભ્યાસ : B.Com.
નોકરી : બેંકમાં નોકરી તથા ઘરે એકાઉન્ટન્ટનું કામ, સેલ્સટેક્ષ-ઇન્કમ ટેક્ષ તથા કોમ્પ્યુટરાઇઝડ એકાઉન્ટ લખવા માટે સંપર્ક કરો...
જન્માક્ષરમાં માને છે...
પિતા : ચંદ્રકાંત નગીનલાલ પંચોલી-૯૪૨૮૦ ૬૯૦૬૫
માતા : રંજનબેન ચંદ્રકાંત પંચોલી-૯૪૨૬૫ ૮૩૮૨૫
લાયબ્રેરી રોડ, છોટાઉદેપુર. જિ. છોટાઉદેપુર
ફોન : ૦૨૬૬૯-૨૩૩૩૬૫

## અમારા જીવન બાગનુ પુષ્પ



**ચિ. પ્રિન્સ**
જન્મ તા. ૧૫.૧૨.૨૦૧૪
શ્રી ચંદ્રકાંત નગીનલાલ પંચોલી-નાના
શ્રીમતિ રંજનબેન ચંદ્રકાંત પંચોલી-નાની
શ્રી ગૌરાંગભાઇ ચંદ્રકાંત પંચોલી-મામા
શ્રી ગૌતમભાઇ ચંદ્રકાંત પંચોલી-મામા

શ્રી ઠાકોરભાઇ નટવરભાઇ પંચોલી-દાદા
શ્રીમતિ મીનાબેન ઠાકોરભાઇ પંચોલી-દાદી
શ્રી ચિરાગકુમાર ઠાકોરભાઇ પંચોલી-પિતા
શ્રીમતિ મોનાલીબેન ચિરાગકુમાર પંચોલી-માતા
ચિ. જીયા ચિરાગકુમાર પંચોલી-દીદી

## ગોલ્ડન જ્યુબીલી મેરેજ એનીવર્સરી



શ્રીમતિ કલાબેન ચંદ્રકાન્ત મિસ્ત્રી તથા
શ્રી ચંદ્રકાન્ત મગનલાલ મિસ્ત્રી
તા. ૨.૨.૨૦૧૫(વસંત પંચમી)ના રોજ લગ્નજીવનના
૫૦ વર્ષ પૂર્ણ કરે છે.....

૩૦૮, આશીર્વાદ ચેમ્બર્સ, ખાડા માર્કેટ, બીલીમોરા
મો. ૯૯૭૯૬ ૮૦૫૬૯

## Shaadi.com



**નામ : ચિરાગ**
જન્મ તા. : ૧.૨.૧૯૯૦
અભ્યાસ : ITI Pass
નોકરી : શાઇન ફાર્માસ્યુટીકલસ લી. કરજણ
પગાર : રૂા. ૭૦૦૦/-
પિતા : છીતુભાઇ ચીમનભાઇ પંચોલી-૯૭૨૪૬ ૬૬૬૭૬
માતા : ગીતાબેન છીતુભાઇ પંચોલી-૯૮૨૪૪ ૫૬૫૯૦
એડ્રેસ : મેઇન બજાર, મોટી ભાગોળ, શિનોર,
જિ. વડોદરા




# વ્યારા એકમનું ગૌરવ

**સુમુલ તંદુરસ્તી બાળ સ્પર્ધા - ૨૦૧૫**
**માં તૃતીય ક્રમ મેળવવા બદલ**
**અભિનંદન**

**શુભેચ્છક**

ગં.સ્વ. શકુંતલાબેન શાંતિલાલ પંચોલી
શ્રી વિજયભાઈ શાંતિલાલ પંચોલી
શ્રીમતિ જ્યોતિબેન વિજયભાઈ પંચોલી
શ્રી કૃણાલ વિજયભાઈ પંચોલી
શ્રીમતિ કૃતિ કૃણાલ પંચોલી

આદર્શ ઈલેક્ટ્રીકલ્સ
મેઈન બજાર, વ્યારા. જિ. તાપી

# નવયુગ શુભેચ્છા ભેટ......

તંત્રીશ્રી

મને પંચોલી નવયુગ છેલ્લા ઘણાં વર્ષોથી વિના મૂલ્યે મળે છે..

આ વર્ષે નવયુગ દિપોત્સવી અંકમાં શુભેચ્છા જાહેરાત મોકલી ન શકયો આથી મારા તરફથી રૂા. ૨૫૦ / રૂા. ૫૦૦ / રૂા. ૧૦૦૦/ શુભેચ્છા ભેટ મોકલું છું તે સહર્ષ સ્વીકાર કરશો...

નામ : ____________________

સરનામુ : ____________________

____________________

____________________

મો. : ____________________

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના તા. ૧.૪.૯૪ થી શરૂ કરવામાં આવી હતી. આ યોજનામાં જોડાયેલ સભ્યોએ દર વર્ષે વાર્ષિક ફાળો ન ભરવો પડે એ હેતુસર આજીવન સભ્ય તરીકે જોડાઇને રૂા. ૧,૦૦૦/- ફી લઇ આ યોજના શરૂ કરી ત્યારે લેવામાં આવી હતી. ત્યારે નક્કી કરવામા આવ્યું હતું કે જે સભ્ય આજીવન ફાળો ભરશે તેણે ૨૦ વર્ષ સુધી જ ફાળો ભરવાનો રહેશે. પરંતુ ત્યારબાદ બેંકના વ્યાજદર ઘટતાં આવક ઓછી થતાં મહામંડળની મિટિંગમાં સુધારો કરી શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના હેઠળ દરેક સભ્યોએ ૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. પરંતુ જે સભ્યોને ૨૦ વર્ષ પછી આ યોજના હેઠળ ફાળો ભરવાની મરજી ન હોય અને સભ્ય પદ રદ કરવું હોય તો તેમને વાર્ષિક ફાળાની ભરેલ રકમ પરત મેળવવા અરજી કરવાની રહેશે જે બાબતનો સ્પષ્ટ ખુલાસો સને ઓગષ્ટ-૨૦૦૪ના વર્ષના પંચોલી નવયુગમાં કરવામાં આવેલ છે, પરંતુ કોઇપણ આજીવન સભ્યની સભ્યપદ રદ કરી ફાળો પરત મેળવવાની અરજી આવેલ નથી. દર વર્ષે એપ્રિલ માસના પંચોલી નવયુગમાં આ બાબતે જણાવવામાં આવે છે કે આ યોજનામાં ૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહે છે. જે બાબતે ખાસ દરેક સભ્યોને જણાવવાનું કે તેમણે એપ્રિલ૨૦૧૫-૧૬ દરમ્યાનનો વાર્ષિક ફાળો નક્કી કરવામાં આવશે તે અચૂક ભરવાનો રહેશે.

કેટલાક આજીવન સભ્યો તરફથી વાર્ષિક ફાળો ન ભરવા અંગે ખોટી રજુઆત કરવામાં આવે છે પરંતુ તમો વિચારશો તો સને ૧૯૯૪માં આજીવન ફાળો ભરી આ યોજનાની શરૂઆત કરી ત્યારે મૃત્યુ પામનાર સભ્યને રૂા. ૪,૦૦૦/- પછી રૂા. ૬,૦૦૦/- આપવામાં આવતા હતા.

૧૯૯૭-૧૯૯૮ દરમ્યાન રૂા. ૯,૦૦૦/-
૧૯૯૯-૨૦૦૦ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/-
૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન રૂા. ૧૬,૦૦૦/-
૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન રૂા. ૧૮,૦૦૦/-
૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન રૂા. ૨૦,૦૦૦/-
૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન રૂા. ૨૨,૦૦૦/-

સને ૨૦૧૨-૨૦૧૩ થી રૂા. ૨૮,૦૦૦/-ની રકમ ચુકવવામાં આવે છે. શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના નિયમ મુજબ જે તે વર્ષ દરમ્યાન મૃત્યુ દીઠ રૂા. ૨૫/- પ્રમાણે વાર્ષિક ફાળો ઉઘરાવવાનો થાય છે. જે ચાલુ વર્ષ ૨૦૧૪ -૧૫ દરમ્યાન સમાજ સુરક્ષા યોજના હેઠળના ૧૩ સભ્યોના મૃત્યુ થયેલ છે. તે પ્રમાણે એપ્રિલ-૨૦૧૫થી નક્કી કરવામાં આવશે. તે વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. શ્રી પંચોલી સમાજના દરેક કુટુંબોને વિનંતી કરવામાં આવે છે કે આ સમાજ સુરક્ષા યોજના હેઠળ સભ્ય તરીકે જોડાવવાનો ફાયદો છે જે આ સાથેના કોઠા મુજબ સમાજના વ્યકિતઓ મૃત્યુ પામ્યા છે તેમણે આ યોજનામાં ભરેલ દાખલ ફી તેમજ વાર્ષિક ફાળાની રકમ સામે ચુકવેલ વીમા યોજનાની રકમ ધ્યાનમાં લેશો તો કેટલો ફાયદો થયો તે આપ સૌ જાણી શકો છો.....

આજીવન સભ્યોની પુત્રીઓ કે જેમણે આંતરજ્ઞાતિમાં લગ્ન કરેલ હશે અને તેઓ સમાજ સુરક્ષા યોજનાના સભ્ય હશે તો તેમનું સભ્યપદ રદ કરવામાં આવશે જે માટે તેમણે વાર્ષિક ફાળાની રકમ પરત મેળવવા મંત્રીશ્રીને અરજી કરવાની રહેશે.

આ યોજના હેઠળ જે સભ્યોના વારસદાર મૃત્યુ પામ્યા હોય તો તેમણે નવા વારસદારોની નિમણૂંક કરી લેખીતમાં મંત્રીશ્રીને અરજી કરવામી રહેશે...જેની નોંધ લેશોજી

નવિનભાઇ વી. પંચોલી-અધ્યક્ષ
નવિનભાઇ સી. પંચોલી-મંત્રી રાજેશ પી. ગાંધી-સહમત્રી
સમાજ સુરક્ષા યોજના

**વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ભરેલ રકમ સામે ચુકવેલ રકમ**

| અ.નં. | સભ્યનું નામ | ગામ | ભરેલ દાખલફી અને વાર્ષિકફાળો | મૃત્યુબાદ મેળવેલ વળતર |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતિ રમિલાબેન જયંતિભાઇ ગાંધી | વ્યારા | ૨,૫૦૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૨ | શ્રીમતિ શોભનાબેન પ્રવિણભાઇ પંચોલી | સુરત | ૧,૭૦૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૩ | શ્રી મહેશભાઇ ઠાકોરભાઇ પંચોલી | સુરત | ૨,૬૦૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૪ | શ્રી કમલકાંત નરોત્તમદાસ મિસ્ત્રી | મુંબઇ | ૧,૩૦૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૫ | શ્રી જતીનભાઇ દિનેશભાઇ પંચોલી | વ્યારા | ૧,૨૦૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| | | | ૨,૦૦૦/- અકસ્માત | વીમાના મળ્યા |
| ૬ | ગં.સ્વ. મંજુલાબેન રમેશભાઇ મિસ્ત્રી | અંકલેશ્વર | ૨,૬૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૭ | શ્રી ગોવિંદભાઇ ભીખાભાઇ પંચોલી | જબુગામ | ૧,૪૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૮ | શ્રી ચંદ્રકાંત પોપટભાઇ પંચોલી | બારડોલી | ૨,૮૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૯ | ગં.સ્વ. જસુમતિબેન મોહનભાઇ ગાંધી | વ્યારા | ૧,૪૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૧૦ | શ્રી કુમારભાઇ અમ્રતભાઇ મિસ્ત્રી | સુરત | ૧,૩૦૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૧૧ | શ્રી ભરતભાઇ રમણીકભાઇ ગાંધી | વ્યારા | ૨,૬૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૧૨ | શ્રીમતિ નયનાબેન ચંદ્રકાંત પંચોલી | વ્યારા | ૨,૬૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૧૩ | ડો. પિયુષભાઇ બળદેવભાઇ પંચોલી | સુરત | ૧,૪૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |

નવયુગ શુભચિંતક શ્રી નરેન્દ્રભાઇ નારણદાસ પંચોલી રાજપીપળા સ્વ. યોગેશભાઇ બાબુભાઇ પંચોલી રાજપીપળા

# કાવ્યનો કલરવ

## ઉન્નતિના શિખર સર કરો

ભૂતકાળને ભુલી જાઓ.. નવા યુગને પંથે સીધાવો..
ઉન્નતિના શિખરો સર કરી આગે કદમ બઢાવો..
ગર્વથી કહો અમે સહુ ભારતવાસી...(૨)

ખોટા રીત-રિવાજોના બંધન તોડો,
પ્રગતિના પંથે નિત રસ્તો જોડો
પાન તંબાકુ-ગુટકાના વ્યસનથી છુટકારો પામો
કેન્સર કેરી ઘાતક બીમારીથી તમે મુકિત પામો
દુર્ગુણોથી મુકત થઇ સહુ સંગાથે ગાવો... અમે સહુ ભારતવાસી...(૨)

ભણતરને મહત્વ આપો, જીવનમાં પ્રગતિ સાધો,
સી.એ, ડોકટર ને આર્કીટેક ને ઈન્જીનિયર થાવો..
ભણતર કેરા સંસ્કાર પામી મહેનતથી ઉજળા થાવો..
ઈજ્જત પામી સંસાર વસાવી સમાજમાં નામના થાવો..
પ્રગતિની કેડી પર ડગ ભરતા સહુ સંગાથે ગાવો... અમે સહુ ભારતવાસી...(૨)

દીકરા-દીકરી કેરા નવ લાઇફમાં ભાગલાં પાડો,
ફૂળ ઉજાળશે એવી સદા હૈયે ધરપત ધરાઓ..
વંશના બન્ને સમાન વારસ છે, હર્ષથી હરખાવો,
દિલથી એ સુખી થાય, એવા આશિષ વરસાવો..
સમાજની ખોટી ભ્રમણા દૂર કરી સમૂહ સંગાથે ગાવો...અમે સહુ ભારતવાસી...(૨)

કમ્પ્યૂટર અને મોબાઈલના ઈલેકટ્રોનિકસ જમાનો આવ્યો,
દૂર દૂર વસતાં સ્વજનોને નજીક કર્યા એ દીલથી હરખાવો..
ઉઠો... ચાલો...ઉન્નતિના સુકાન સંગાથે આગે કદમ બઢાવો,
મેરા ભારત દેશ મહાન એવો જગમાં નારો ગજાવો,
નવા યુગના અમે માનવી, વદતાં સહુ સંગાથે ગાવો..અમે સહુ ભારતવાસી...(૨)

સમાજની ઈમારત બુનિયાદ કરવા એકતાની મસાલ જલાવો,
દેશ-વિદેશ વસતાં જનોનો શંભૂમેળો સરજાવો.
દેશ-પરદેશમાં ભારતનો કીર્તિ ધ્વજ લહેરાવો,
સંગઠનને પ્રેમ ભાવથી એકત્ર થઇ સહુના કરો ઉધ્ધારો,
'અધીર' થઇ આ જીવનમાં ક્રાંતિ નવી ફેલાવી...
સહુ સંગાથે ગાવો અમે સહુ ભારતવાસી...(૨)

**અમૃતભાઈ સી. પંચોલી 'અધીર'-મુંબઈ**

## તારું ન હોવું.....

તારું ન હોવું
જાણે ડંખે છે. મને
વિંછીના ડંખની જેમ
તારું ન હોવું.

પીંખે છે મારા હૈયાને,
ઝંઝાવાતની જેમ,
તારું ન હોવુ
.

માનવા હજી મારું
મન તૈયાર નથી
સ્વપ્નની જેમ
તારું ન હોવુ.

'અક્ષય'ને
ક્ષણે ક્ષણે પીગાળે
છે બરફની જેમ.

**શોભા મિસ્ત્રી 'અક્ષય'**
**બીલીમોરા**



નટુભાઇ પંચોલી-જબુગામ

# પુરુષાર્થનો પમરાટ

પુરુષાર્થ વિના પ્રારબ્ધ ફળતુ નથી. પ્રારબ્ધ + પુરુષાર્થ = સફળતા. સુતેલા સિંહના મુખમાં હરણાં જાતે આવીને પડતા નથી. શિકારની શોધમાં સિંહને પણ ફરવું પડે છે. પુરુષાર્થ કરવો પડે છે. પુરુષાર્થનો પમરાટ માનવીની સફળતાને જીવંત રાખે છે. ચોક્કસ દિશામાં માનવીનું ગતિમાન હોવું તે માનવીને પોતાના મનમાં નક્કી કરેલા ધ્યેય તરફ લઇ જાય છે. જીવનમાં જે તક આવે છે તે તકને વાસ્તવિકતામાં બદલવા માટે માનવી પોતે ચોક્કસ દિશામા ગતિમાન હોવો જોઇએ. પોતાના સુખ માટે તથા સમાજને મદદરૂપ થવા દિશાયુક્ત થઇ પરિશ્રમ કરીએ.

ઉદ્યમ કરવાથી ઉદ્યમ ફળશે જ એવું પણ નિશ્ચિત નથી. તેથી કાંઇ ઉદ્યમ છોડી ન દેવાય. ફળ આપવાનું તો ઇશ્વરના હાથમાં છે. એકલા પ્રારબ્ધ પર આધાર રાખીને બેસી ન રહેવાય, સતત પ્રયત્ન કરતા રહીએ. વહેલી કે મોડી સફળતા મળશે જ એવી શ્રદ્ધા રાખીએ. ધીરજનાં ફળ મીઠા હોય છે. હતાશા કાયરતાની નિશાની છે. ઇશ્વરમાં અખૂટ શ્રદ્ધા રાખી, વજ્ર જેવું કઠણ હૃદય રાખી પુરુષાર્થ કર્યા કરીએ તો આખરે સફળતા મળશે જ.

પુરુષાર્થ જ માનવી પોતાનો ઉત્કર્ષ સાધી શકે છે. મહાત્મા ગાંધીજી એક સામાન્ય વિદ્યાર્થી હોવાં છતાં તે બેરીસ્ટર થયા. દક્ષિણ આફ્રિકામાં અહિંસક લડાઇ આપીને કાળા-ધોળાનો ભેદ ટાળી શક્યા. દરેક મુસીબત અને મુઝવણના પ્રસંગે 'અંતરના અવાજને માન આપી અહિંસક લડત ચાલુ રાખી. ભારત દેશને આઝાદી અપાવી. કહેવત છે ને કે 'સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે નહાય' ગીતામાં પણ શ્રી કૃષ્ણ કર્મ કરવાની જે જ પ્રેરણા આપે છે. જીવનને ગતિ આપવા માટે અને જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવો જરૂરી છે.

આજ સુધી પરિશ્રમ વગર કોઇને પણ સુખ, સંપતિ કે સફળતા મળી નથી. અલગ અલગ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા માટે તે પ્રકારનો પરિશ્રમ કરવો અનિવાર્ય છે. રમતવીર શારીરિક શ્રમ કરીને, પરસેવો પાડીને પોતાના ક્ષેત્રમાં સફળતા મેળવે છે. તેવી જ રીતે લેખક, વકીલ, તબીબ, વિદ્યાર્થી વગેરે માનસિક શ્રમ કરીને પદ-પ્રતિષ્ઠા, કીર્તિ મેળવે છે. આ રીતે પરિશ્રમ કરવાથી જ ભાગ્ય ઘડાય છે. મનુષ્યએ જાતે જ સફળતાની કેડી કંડારવી પડે છે.

આપણે સમજીએ છીએ કે જીવન, મરણ, રોગ, આરોગ્ય, સૌંદર્ય, બળ વગેરે નસીબને આધિન છે. પરંતુ આ બધુ જ કોઇ નિયમને આધિન છે. તેને માણસ નસીબથી નહિં પણ નિયમથી પ્રાપ્ત કરી શકે છે. કુદરતના નિયમો જાણીને પોતાના તન-મનના પ્રબળ પુરુષાર્થથી નસીબને ઘડી શકે છે. અને પોતે સૌભાગ્ય અને સફળતાને વરી શકે છે.

મહાન કાર્યો કરવા માટે પ્રતિકુળ સંજોગોની સામે જ સર્જકની શકિત ખીલી ઉઠે છે. પર્વતમાંથી નિકળતી નદી પોતાનો દ્રવા વેગવંતો બનાવી પથ્થરોની છાતી વિંધીને સાગરને ભેટી પડે છે. કિનારા ઉપર ઉભેલાં કાળમીંઢ પથ્થરોના પહાડને જોઇ દરિયાના મોજાં અડધે રસ્તેથી પાછાં ફરી જતા નથી. આકાશમાં ચારેકોર ઘનઘોર વાદળાં હોવા છતાં પોતાનો પ્રકાશ પૃથ્વી પર નહીં પહોંચે એવો ભય રાખીને સૂરજદાદાએ પોતાનું મોં કદી છુપાવ્યું નથી. અમે ખીલી .ઠીશું તો કલઇ માળી આવી અમને ચૂંટી જશે એવો ડર રાખી ફુલની કળીએ કદી રાખ્યો નથી. ઉપરના દ્રષ્ટાંતો થકી જીવનમાં ીફળતા પ્રાપ્ત કરવા માટે પ્રતિકૂળ સંજોગોની સામે પ્રબળ પુરુષાર્થ કર્યા કહેવાય..

જીવનમાં સભાનતા વિના જીવનાર 'સામાન્ય' કહેવાય. અશકયને શક્ય બનાવે તે હોશિયાર કહેવાય. પણ જે હોશિયાર પણ ન કરી શકે તે 'પ્રતિભાશાળી' કરી શકે છે. પ્રતિભાશાળી પોતાના સ્વપ્નાં, સંકલ્પ અને પુરુષાર્થ થકી સિદ્ધ કરી શકે છે. તેનું પળે પળનું સમગ્ર જીવન સાર્થક હોય છે. આપણે આપણાં જીવનમાં સામાન્યમાંથી 'હોશિયાર' અને હોશિયારમાંથી 'પ્રતિભાશાળી' બનવા પુરુષાર્થ કરીએ.

ભગવાન તેને જ મદદ કરે છે જે પોતાની મદદ જાતે જ કરે છે. પોતાના પગ પર ઉભો રહીને જ માણસ પ્રગતિ કરી શકે છે. પુરુષાર્થ એ માનવ જીવનની પ્રથમ આવશ્યકતા છે. તેના વિના કોઇપણ પ્રકારની પ્રગતિ શક્ય નથી. સંઘર્ષ અને સફળતાનો આધાર પુરુષાર્થ જ છે. સિદ્ધિ અને સફળતા માટે નિરાશ થયા વગર છેલ્લી ક્ષણ સુધી ઝઝૂમતા રહીએ અને વિજય પ્રાપ્ત કરીએ.. તન અને મનના સતત કઠોર પરિશ્રમ થકી આપણે જે કામ કરવાનું છે તે સરસ રીતે કરીને આપણે જ આપણાં ઘડવૈયા થઇએ..

માનવીએ પુરુષાર્થ થકી થાકવું ન જોઇએ. આપણે જે કાંઇ પુરુષાર્થ કર્યો હોય તે કદી નકામો જતો નથી. વિધાતા આપણાં માટે સફળતાના દરવાજે શ્રીફળ લઇને ઉભા હોય, ત્યારે જ આપણે દરવાજે પહોંચતા પહેલાં થાકીને બેસી જઇએ તો આપણાં જેવા કમનસીબ કોઇ નથી. બની શકે કે આપણે એક જ ડગલું હવે ભરવાનું બાકી હોય ત્યાં જ સાચી મંઝીલ આવી જવાની હોય છે એટલે કદી પણ પુરુષાર્થ થી દૂર ન રહીએ....

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર છગનલાલ પંચોલી બિલીમોરા શ્રી જનકભાઇ ત્રીભોવનદાસ પંચોલી બિલીમોરા

# ઘર - જીવનનો ધબકાર

લે. સુરેશ દલાલ
સંકલન : ડો. મહેશ મિસ્ત્રી
અંકલેશ્વર

જ્યાં સંપૂર્ણ વિશ્રામ, આરામ મળે એ ઘર... ઘરનું મમત્વ પણ છે અને એનું મહત્વ પણ અનેરૂ છે. ફક્ત ચાર દિવાલોથી ઘર બનતુ નથી. ઘર નાનું હોય કે મોટું, પણ એ હસતુ ઘર હોવું જોઇએ.. જ્યાં કોઇકવાર મહેમાન કે મિત્ર પણ આવે ત્યારે ના છૂટકે કે કટાણે મોઢે સ્વીકારાય એ ઘર હસતુ ઘર નથી...

મોઘા ફરનીચરથી ઘર બનતુ નથી. કેટલાક ઘરમાં ફરનિચરની માવજત એવી રીતે કરે છે કે ફરનીચર પર ધૂળ ન લાગવી જોઇએ.. સંબંધોને ભલે ધૂળ લાગે.. ફ્લાવર વાઝમાં સુંદર ફુલો ગોઠવાય છે... પણ ઘરના સભ્યો એક મેકથી ગોઠવાય શકતા નથી. કેટલાક ઘર ફાઇવસ્ટાર હોટલ જેવા હોય છે. ઘર કરતાં આર્ટ ગેલરી વધુ લાગે.. એની કાર્પેટ પર પગ મૂકતા પણ સંકોચ થાય.. કશુંક બગડશે તો નહીંને.. સાચવી સાચવીને બોલવાનું.. સાચવી સાચવીને બેસવાનું, કોઇને મળવા આવ્યા એના કરતા કશુંક જોવા આવ્યા છીએ એવું લાગે છે..

શું લેશો ? ચા કે કોફી ? ઠંડુ કે ગરમ ? પ્રશ્નમાં ઔપચારીકતા લાગે.. આત્મીયતા નહીં. ઘર... ઘર જેવું હોવું જોઇએ. વધુ પડતી વ્યવસ્થા ઘરનું પોતાપણું છીનવી લે છે. ચોકખાઇ જોઇએ પણ વધુ પડતી ચોકખાઇથી ઘરને મેક-અપ કર્યો હોય એમ લાગે.. ક્યાંક એકાદ ફુલ, ક્યરેક કેસેટમાંથી ઝરતું સુમધુર સંગીત, ક્યાંક થોડાક ગમતાં પુસ્તકો... માણસ કેવો છે તે જાણવા માટે એના ઘરનું રસોડું અને બાથરૂમ જુઓ..એની સ્વચ્છતાનો અંદાજ આવી જાય છે..

શયનખંડનું પણ એક વાતાવરણ હોય છે. આછા રંગની દિવાલ આંખને શાંતિ આપે છે. ભડકામણા રંગોનું આસુરી તત્વ આપણને દઝાડે છે. દિવાલ પર કોઇક તસવીર વાતાવરણને સજીવ કરી શકે છે. ક્યાં શું મુકવું એ પણ એક કળા છે. એને માટે દ્રષ્ટિ જોઇએ. જ્યાં ને ત્યાં કેલેન્ડર લટકતાં હોય કે ઘડિયાળો હોય એનાથી કશું ન વળે.

ઘરને ઘરની અંદરથી જોવું એ અનુભવ છે. પણ ઘરને ઘરની બહારથી જોવાની અનુભૂતિ કોઇ જુદી જ હોય છે. ઘરતીનો છેડો ઘર કહેવાય છે એ સાચું છે. પ્રવાસે હોઇએ ત્યારે ઘર ઝુરાપો વળગે છે અને પાછા આવીએ ત્યારે આખું ને આખું ઘર અકબંધ હેમખેમ મળે છે... શાંત વૈભવ ઘરને ઘર બનાવે છે...

# લોકપ્રિય પંચોલી નવયુગ

ઘણાં સમય પહેલાં નવયુગના અંકો રસપ્રદ અને અનેક લેખો, વાર્તાઓ, બાળકોને લગતી વિવિધ માહિતીઓ, નારી વિભાગ, આરોગ્ય લક્ષી લેખો વિગેરે વિગેરે ઘણું બધું નવયુગમાં આવતું હતું અને નવયુગ પંચોલી જ્ઞાતિમાં અને બીજી જ્ઞાતિઓમાં ચાહના મેળવતું હતું.....

શું ફરી આપણે નવયુગને લોકપ્રિય ન બનાવી શકીએ ? બનાવી જ શકીએને.....તો ચાલો ઉપર જણાવ્યા મુજબની મેટરો આપ મોકલી શકો છો.... હાં પેપરની પૂર્તિ કે બીજામાંથી ઉતારા કરીને નહીં પરંતુ પોતાની મૌલિક કૃતીઓ મોકલશો...લેખો, વાર્તાઓ, ધાર્મિક લેખો, કાવ્યો વિગેરે મેટરો મોકલો અને નવયુગની લોકપ્રિયતા વધારવામાં સહભાગી બનો...

તંત્રી

# પ્રગતી પંથે નારી અભિપ્રાય

નારીશકિતની વિવિધ શકિતઓની સુંદર રજુઆત કરતું મહિલા સંમેલન, સુંદર અને સફળ આયોજન કાબીલેદાદ, આવા કાર્યક્રમો બે-ત્રણ વર્ષે યોજાતા રહે તો સમગ્ર સમાજ વાયબ્રન્ટ બને...આવા આયોજનો આવકાર્ય

શોભાબેન કે. મિસ્ત્રી-બીલીમોરા

સુરત મુકામે ર૩ એપ્રિલ ર૦૦૫ના રોજ સુરત મુકામે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. એની પ્રેરણા લઇ અંકલેશ્વર, બરોડા અને વ્યારા મુકામે 'પ્રગતિના પંથે નારી' મહિલા સંમેલનનું પ્રયોજન એટલે જેમાં બધી બહેનોને સંગઠન કરીને આગળ આવે, એક બીજાના સાથ -સહકારથી પ્રવૃત્તિઓ કરતા રહે.. દરેક એકમના મહિલા મંડળો આગળ આવી આગળ ને આગળ વધતા રહે.. વ્યારા મુકામે યોજાયેલ ' પ્રગતિના પંથે નારી' મહિલા સંમેલનનું આયોજન સુંદર, સુંદર કૃતિઓ, સુંદર ડોકટર પ્રવચન, મહિલા રક્ષણની વાતો.. સફળ રહ્યું.. સમાજની બહેનો એક મંચ પર ભેગા થાય એજ મહિલા સંમેલનની સાચી સફળતા છે... મનિષાબેન ડી. પંચોલી-પ્રમુખ (સુરત મહિલા મંડળ)

નવયુગ શુભચિંતક કું પૂજા દિનેશચંદ્ર કાલીદાસ પંચોલી યુ.કે. શ્રી પંચોલી સમાજ - બોલ્ટન યુ. કે.

# પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાને મળેલ
# દાન





મુંબઇના સ્વ. નરોત્તમદાસ ડાહ્યાભાઇ મિસ્ત્રી, સ્વ વિજયાબેન નરોત્તમદાસ મિસ્ત્રી તથા સ્વ. રમેશભાઇ નરોત્તમદાસ મિસ્ત્રીના સ્મરણાર્થે સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડમાં ૧ા. ૫૧,૦૦૦/-નું માતબર દાન મળ્યુ છે... આ દાન મુકેશભાઇ પરમાનંદ પંચોલીના સહયોગથી પ્રાપ્ત થયુ છે. મિસ્ત્રી પરિવારનો ખૂબ ખૂબ આભાર.....

સુરત નિવાસી સ્વ. કુમારભાઇ અમ્રતલાલ મિસ્ત્રીના સ્મરણાર્થે ગં.સ્વ. તરૂબેન તથા તેમના પરિવારજનો તરફથી મેડીકલ વ્યાજ વપરાશ ફંડમાં રૂા. ૫૧,૦૦૦/-નું માતબર દાન મળ્યુ છે... દાતાઓનો ખૂબ ખૂબ આભાર....



સુરત નિવાસી શ્રી કમલેશભાઇ હસમુખલાલ ગજ્જર તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- નું માતબર દાન વેબ સાઇટને મળ્યું છે...
.....આભાર ......કમલેશભાઇ

સુરત નિવાસી શ્રી અનિલકુમાર ઉત્તમરામ મારફતીયા તરફથી રૂા. ૫૫,૫૫૫/- સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડમાં માતબર દાન મળ્યુ છે... દાતાઓનો ખૂબ ખૂબ આભાર....



સમાજ પ્રત્યે શુભ ભાવના કેળવી સમાજના જ જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ બનવા આપ સૌ પણ મહામંડળને દાન આપી શકો છો... આપવાથી બમણું મળી જાય છે...
કહેવાય છે ને 'કોઇનો પાળ ન રાખે ગીરધારી ..... આપે વ્યાજ સહિત વનમાળી....

મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ    ચંદ્રકાંતભાઇ જે. પંચોલી-મહામંત્રી
તથા સંલગ્ન સંસ્થાઓ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

નવયુગ શુભચિંતક શ્રી પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલા મુંબઇ શ્રી હરકીશનદાસ છગનલાલ કાપડીયા મુંબઇ

# અનુકરણિય

જાન્યુઆરી અંકમાં પંચોલી સમાજ સામે નવયુગ માટે શુભેચ્છા ભેટ માટેનું એક ફોર્મ આપી એક ટહેલ નાંખી હતી... કે જે જ્ઞાતિજનો જાહેરાત ન આપી શકયા હોય તઓ શુભેચ્છા ભેટ આપી નવયુગને આર્થિક સહાય કરે.... અને સુંદર પ્રતિસાદ મળ્યો.. જ્ઞાતિજનોએ મારી લાગણી અને માંગણીને વધાવી લઇને નવયુગને ભેટ આપવાનો પ્રવાહ શરૂ કરી દીધો... જેમણે જાહેરાતો આપી હોય એવા જ્ઞાતિજનોએ પણ ભેટ મોકલાવી છે.... ભેટની રકમ મોટી કે નાની તેનું મહત્વ નથી, આપે નવયુગ પ્રત્યે શુભ લાગણી દર્શાવી તે બદલ ખૂબ ખૂબ આભાર..... શું તમે પણ ભેટ કે જાહેરાત આપવાનુ ભુલી ગયા હતા ?????? કંઇ નહિ.... તમે પણ ભેટ મોકલી શકો છો.... આ નવયુમાં ભેટ માટેનું ફોર્મ આપ્યુ જ છે..... તંત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ - નવાપુર

૪૩૧ શ્રી નિતિનકુમાર ચુનીલાલ મિસ્ત્રી
૫૦૦ શ્રી ઇન્દ્રવદન મકનભાઇ મિસ્ત્રી
૫૦૦ શ્રી રાકેશભાઇ ઇશ્વરભાઇ મિસ્ત્રી
૨૫૦ શ્રી વસંતભાઇ નાનુભાઇ પંચોલી
૫૦૧ શ્રી દિપકભાઇ ચુનીલાલ પંચોલી
૨૫૧ શ્રી બાબુભાઇ જગજીવનદાસ પંચોલી
૧૦૧ શ્રી સુભાષભાઇ ભાણાભાઇ પંચોલી
૧૦૧ શ્રી રતિલાલ કરસનદાસ પંચોલી
૧૦૧ શ્રી રશ્મીકાંત રતિલાલ ગાંધી
૧૦૧ શ્રી અશોકભાઇ નાથુભાઇ પંચોલી
૨૫૧ શ્રી જયેશભાઇ સુમનલાલ ગાંધી
૨૫૧ શ્રી મિતેશભાઇ મહેન્દ્રભાઇ પંચોલી
૧૫૧ શ્રી પ્રવિણભાઇ નરભેરામ પંચોલી
૧૦૧ શ્રી રમેશભાઇ શિવલાલભાઇ પંચોલી
૨૫૧ શ્રી સંજય અરવિંદલાલ ગાંધી
૧૫૧ શ્રી નૈનેશ કિશોરભાઇ પંચોલી
૧૦૧ શ્રી નટવરલાલ ખુશાલદાસ ગાંધી
૨૦૧ શ્રી રશ્મીકાંતભાળ ચુનીલાલ પંચોલી
૧૫૧ શ્રી બિપીનભાઇ મનહરભાઇ પંચોલી
૧૫૧ શ્રી વિનોદભાઇ સાકરલાલ પંચોલી
૫૦૧ શ્રી મહેશભાઇ મંછુભાઇ મિસ્ત્રી
૨૦૧ શ્રી સુરેશભાઇ ડાહ્યાભાઇ પંચોલી
૨૫૧ શ્રી ઇન્દ્રવદન રતિલાલ પંચોલી
૨૦૦ શ્રી નિલેશભાઇ ચંદ્રકાંતભાઇ પંચોલી
મળીને કુલે ૫૦૫૦ નવયુગને ભેટ મળ્યા...

## શ્રી પંચોલી સમાજ અમદાવાદ

૧૦૦૦ શ્રીમતિ પલ્લવીબેન જે. મિસ્ત્રી
૧૫૦ શ્રી જયેન્દ્ર એન. પંચોલી
૧૫૦ શ્રી હસમુખભાઇ એચ. પંચોલી
૧૫૦ શ્રી પ્રવિણચંદ્ર એચ. પંચોલી
૧૫૦ શ્રી દિનેશચંદ્ર અમ્રતલાલ પંચોલી
૧૫૦ શ્રી પ્રદિપભાઇ એન. પંચોલી
૧૫૦ શ્રી મહેન્દ્રભાઇ એન. પંચોલી
૧૫૦ શ્રી બંકિમભાઇ એન. પંચોલી
૧૫૦ શ્રી અલ્પેશભાઇ જયંતભાઇ મિસ્ત્રી
૧૫૦ શ્રી બળદેવભાઇ વિ. પંચોલી
૧૫૦ શ્રી શંકરભાઇ છીતાભાઇ પંચોલી
૧૫૦ શ્રી ચંદુભાઇ એન. મિસ્ત્રી
૧૫૦ શ્રી ગિરીશભાઇ બી. પંચોલી
૧૫૦ શ્રી હેમંતભાઇ એન. પંચોલી
૧૫૦ શ્રી નિરજભાઇ એ. પંચોલી
૧૫૦ શ્રી દિનેશચંદ્ર ડી. પંચોલી
૧૫૦ શ્રી ભૂપેન્દ્રભાઇ એચ. પંચોલી
૧૫૦ શ્રી રાજેશકુમાર શાંતિલાલ પંચોલી
૧૫૦ શ્રી ગોપાઇભાઇ રમણભાઇ પંચોલી
૧૫૦ શ્રી પ્રવિણભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી
૧૫૦ શ્રી જીજ્ઞેશકુમાર દયારામ પંચોલી
૧૫૦ શ્રી રમણલાલ નાનાલાલ પંચોલી
૧૫૦ શ્રી રાકેશકુમાર રમણલાલ પંચોલી
૧૫૦ મિતેષકુમાર હસમુખભાઇ પંચોલી
૧૫૦ શંકરભાઇ છીતાભાઇ પંચોલી
૧૫૦ સંદીપભાઇ ગજેન્દ્રભાઇ મપારા

## હેપી બર્થ ડે.....



ભરૂચ નિવાસી
હર્ષિત દક્ષેશભાઇ પંચોલી
૧૧.૦૩.૨૦૧૪
પ્રથમ વર્ષગાંઠના અભિનંદન

નવયુગ શુભચિંતક સ્વ. શાંતિલાલ ખુશાલદાસ મિસ્ત્રી મુંબઇ ગં.સ્વ.હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી મુંબઇ

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સેવા સમાજ - નવાપુર

તા. ૧૮.૧.૨૦૧૫ના રોજ વાર્ષિક કાર્યક્રમ મનાવવા નવાપુરથી ૧૮ કિ.મીના અંતરે ગુજરાત તરફ દેવમોગરા માતા અને કાલી માતાના મંદિરે ગયા. સવારે ૮ કલાકે દાંડીની મોજ માણતા દરેક જ્ઞાતિજનો ટેમ્પોમાં બેસી નિકળ્યા. માતાજીના મંદિરે પહોંચી દર્શન કર્યા અને સવારનો નાસ્તો બટેકા પૌઆ અને ચ્હા-કોફીને ન્યાય આપી સૌ ફરવા નીકળ્યા. બરાબર બપોરે ૧૨ કલાકે બાસુંદી, જલેબી, ઉંધિયુ, શાક, રતાળુ પુરી અને દાળભાતનું સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી વડિલોએ આરામ કર્યો. બીજા બધા ભાઈ-બહેનો રમતો રમ્યા. સાંજે ૪.૩૦ કલાકે ચ્હા-કોફીને ન્યાય આપ્યા બાદ અમુક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી અને દરેકના સમાધાન પૂર્વક નિર્ણયો લેવામાં આવ્યા. પંચોલી નવયુગને ભેટ અંગે ટહેલ નાંખતા સૌ જ્ઞાતિજનોએ સુંદર પ્રતિસાદ આપી નવયુગને ભેટ આપી. શ્રી જીતેનકુમાર રશ્મીકાંત ગાંધી જેઓ કમ્પ્યુટર એન્જીનિયરીંગમાં ૭૨ ટકાથી પાસ થયા અને પુનામાં સર્વિસ મળી તે માટે નવાપુર સમાજને રૂા. ૧૫૧ ભેટ આપી. રાત્રે ખીચડી-કઢી અને વેંગણ બટાકાનું શાકનો આસ્વાદ માણી પરત ફર્યા.

૪૩૧ શ્રી નિતિનકુમાર ચુનીલાલ મિસ્ત્રી
૫૦૦ શ્રી ચંદ્રવદન મકનભાઈ મિસ્ત્રી
૫૦૦ શ્રી રાકેશભાઈ ઈશ્વરભાઈ મિસ્ત્રી
૨૫૦ શ્રી વસંતભાઈ નાનુભાઈ પંચોલી
૫૦૧ શ્રી દિપકભાઈ ચુનીલાલ પંચોલી
૨૫૧ શ્રી બાબુભાઈ જગજીવનદાસ પંચોલી
૧૦૧ શ્રી સુભાષભાઈ ભાણાભાઈ પંચોલી
૧૦૧ શ્રી રતિલાલ કરસનદાસ પંચોલી
૧૦૧ શ્રી રશ્મીકાંત રતિલાલ ગાંધી
૧૦૧ શ્રી અશોકભાઈ નાથુભાઈ પંચોલી
૨૫૧ શ્રી જયેશભાઈ સુમનલાલ ગાંધી
૨૫૧ શ્રી મિતેશભાઈ મહેન્દ્રભાઈ પંચોલી
૧૫૧ શ્રી પ્રવિણભાઈ નરભેરામ પંચોલી
૧૦૧ શ્રી રમેશભાઈ શિવલાલભાઈ પંચોલી
૨૫૧ શ્રી સંજય અરવિંદલાલ ગાંધી
૧૫૧ શ્રી નૈનેશ કિશોરભાઈ પંચોલી
૧૦૧ શ્રી નટવરલાલ ખુશાલદાસ ગાંધી
૨૦૧ શ્રી રશ્મીકાંતભાળ ચુનીલાલ પંચોલી
૧૫૧ શ્રી બિપીનભાઈ મનહરભાઈ પંચોલી
૧૫૧ શ્રી વિનોદભાઈ સાકરલાલ પંચોલી
૫૦૧ શ્રી મહેશભાઈ મંછુભાઈ મિસ્ત્રી
૨૦૧ શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ પંચોલી
૨૫૧ શ્રી ઈન્દ્રવદન રતિલાલ પંચોલી
૨૦૦ શ્રી નિલેશભાઈ ચંદ્રકાંતભાઈ પંચોલી

મળીને કુલે ૫૭૫૦ નવયુગને ભેટ મળ્યા...

### શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ-વડોદરા

કાર્યક્રમની શુભ શરૂઆત ગણેશવંદનાથી કરવામાં આવી. દિપ પ્રાગટય કરવામાં આવ્યું. સિનિયર સીટીઝન મંડળના સભાસદોને તથા જન્મોત્સવી ભાઈ-બહેનોને પ્રમુખશ્રી મધુસુદનભાઈએ આવકાર્યા પુષ્પ ગુચ્છથી તેઓનું સન્માન કર્યુ. મંત્રીશ્રી અરવિંદ ભાઈએ આજના યજમાન શ્રી ગજેન્દ્રભાઈ જી. મપારા ૭૪ વર્ષ પુરા કરી ૭૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે તે અંગે જન્મોત્સવની શુભકામના અને અભ્યર્થના પાઠવવામાં આવી. પધારેલ સૌનો ખૂબ ખૂબ આભાર માન્યો.

ગાંધી નિર્વાણ દિન-શહિદ દિન નિમિત્તે તથા સભ્યશ્રી ચંપકભાઈ પંચોલીના નિધન અંગે ખેદ વ્યકત કરી બે મિનિટનું મૌન વ્યકત કર્યુ. પૂર્વ મંત્રીશ્રી ચંદ્રકાંતભાઈએ સંબંધોની સુવાસ પર મનનીય વ્યકતવ્ય આપ્યું. જન્મ દિનના અવસરે મીનાબેન, ઈન્દુબેન, શીલાબેન અને મધુબેને સુંદર ભજનો ગાયા.. જીતુભાઈએ ગઝલ ગાઈ સંભળાવી.

એજ કેર ફેડરેશન પારૂલ ગૃપ ઓફ ઈસ્ટીટયુટ દ્વારા શ્રી અરવિંદભાઈ એસ. પંચોલીનું શાલ ઓઢાડી સન્માન પત્ર આપી સન્માન કર્યુ એજ કેર ફેડરેશનને રૂા. ૩૦૦/- ડોનેશન આપવાનું સર્વાનુમતે નકકી થયું.. ચંદ્રકાંતભાઈ પ્રખર મેગેઝીન રીટા પાઠકની એક ગીત રજુ કર્યુ.. ગજેન્દ્રભાઈએ કેક કાપી અને બધાએ હેપી બર્થડે ગીત ગાઈ શુભેચ્છા પાઠવી. અંતે આજના સમારંભનું સુંદર આયોજન અને વ્યવસ્થા બદલ ઉપપ્રમુખશ્રી કિશોરભાઈએ ગજેન્દ્રભાઈ તથા તેમના પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર માન્યો. છેલ્લે સરસ મઝાનું ડીનર ઉંધિયુ-પૂરી, બટાકાવડા, ગુલાબજાંબુની લિજ્જત માણી ખુશનુમા વાતાવરણમાં સૌ મળ્યા અને છુટા પડયા. જન્મોત્સવી ભાઈ-બહેનો તરફથી મળેલ ભેટ

૫૦૧ શ્રી ગજેન્દ્રભાઈ વલ્લભભાઈ મપારા
૨૦૧ શ્રી જયપ્રકાશ અંબાલાલ પંચોલી
૨૦૧ શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ પંચોલી
૧૨૫ શ્રીમતિ ઈન્દુબેન નટુભાઈ પંચોલી
૧૧૧ શ્રી રમેશભાઈ નાથાલાલ પંચોલી
૧૦૧ શ્રી અરવિંદભાઈ દલસુખભાઈ પંચોલી
૧૦૧ શ્રીમતિ અરૂણાબેન જીતેન્દ્રભાઈ પંચોલી

નવયુગ શુભચિંતક શ્રી અમૃતલાલ છગનલાલ પંચોલી મુંબઈ શ્રી ચુનીલાલ છગનલાલ પંચોલી મુંબઈ

૧૦૧ શ્રી હસમુખભાઇ હીરાલાલ પંચોલી
૧૦૧ શ્રીમતિ કોકિલાબેન મધુસુદનભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ રંજનબેન ચંદ્રકાંતભાઇ પંચોલી
૧૦૧ શ્રી ચંદ્રકાંતભાઇ નગીનભાઇ પંચોલી

**પંચોલી સમાજ-વડોદરા**

૫૦૧ સ્વ. મધુસુદનભાઇ હીરાલાલ પંચોલીના સ્મરણાર્થે ગં.સ્વ. કોકિલાબેન મધુસુદનભાઇ પંચોલી તરફથી

૨૫૦ શ્રી ભૂપેન્દ્રભાઇ ગોરધનભાઇ પંચોલી તરફથી સુપુત્ર ચિ. ગૌરવના લગ્ન નિમિત્તે
૫૦૦ શ્રીમતિ પ્રેમીલાબેન એન. પંચોલી તરફથી શૈક્ષણિક ફંડ ખાતે
૫૦૧ શ્રી નારણભાઇ ઓચ્છવલાલ પંચોલી તરફથી પૌત્રની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે..

**પંચોલી સમાજ સંખેડા**

૨૫૦ ઇન્દુમતીબેન સુરેશચંદ્ર પંચોલી તરફથી મળ્યા.

# મહિલા સમાચાર......

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૯.૨.૧૫ના રોજ નીમાબેન ડી. પંચોલીને ત્યાં મળી. નીમાબેને કોલ્ડ ડ્રીંકસથી સૌનું સ્વાગત કર્યુ. સપનાબેન અને નીમાબેનની પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરી. લકી ડ્રો માં જ્યોતિબેન કે. અને નીતાબેન એસ. લકી બન્યા.

ગત મિટિંગની ગતિવિધિનું વાંચન શ્રીમતિ શીલાબેને કર્યુ. જ્યોતિબેને વ્યારા અધિવેશન ખાતે તેજસ્વીની મહિલા મંડળને બીજુ ઇનામ મળ્યુ એ બદલ આનંદ વ્યકત કર્યો અને સૌના સાથ સહકારથી જ આ ઇનામ મેળવવાના હકકદાર બન્યા છે... સૌનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો અને ચાલુ વર્ષે આપ સૌના સાથ સહકારથી પ્રથમ ઇનામ મેળવવાની ઇચ્છા વ્યકત કરી.

આજરોજ વાનગી સ્પર્ધા રાખી હતી જેમાં ખજુરની વાનગી ઘરેથી બનાવી પ્રદર્શિત કરવાની હતી. નિર્ણાયક તરીકે શ્રીમતિ સુરેખાબેન તથા પ્રીતિબેન મપારાએ સેવા આપી હતી. વિજેતા પ્રથમ-નીતાબેન હરીશભાઇ(ખજુરની ઘારી) દ્વિતીય- પ્રજ્ઞાબેન (ખજુર સેન્ડવીચ) થયા હતા.

બીજી સ્પર્ધા મેચ બોક્ષમાં ઘરવપરાશની આપવામાં આવેલ વસ્તુ સમાવવાની હોય જેમાં પ્રથમ-નિકુજબેન(૧૨૫ વસ્તુ) અને દ્વિતીય પ્રીતિબેન મપારા(૯૪ વસ્તુ) સમાવી વિજેતા થયા હતાં. વિજેતાઓને ઇનામોથી નવાજ્યા. હાઉસી રમ્યા. વન મિનિટ ગેમ રમ્યા. નીમાબેન તથા એમના પરિવાર જનો તરફથી સુંદર સ્વાદિષ્ટ ભોજન બદલ નીતાબેને આભાર વ્યકત કર્યો આગામી મિટિંગ નીતાબેન સુંદરલાલ પંચોલીનુ ત્યાં મળશે.

આજનું દાન

૧૦૦ શ્રીમતિ લીનાબેન ભરતભાઇ પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે
૧૦૦ શ્રીમતિ જ્યોતિબેન કે. પંચોલી મેરેજ એની. નિમિત્તે.
૧૦૦ શ્રીમતિ શીલાબેન એ. પંચોલી મેરેજ એની. નિમિત્તે
૧૦૦ શ્રીમતિ સુરેખાબેન બી. પંચોલી-બર્થડે નિમિત્તે.
૧૦૦ શ્રીમતિ નીશાબેન પંચોલી તરફથી પુત્ર બિનોયના વેવીશાળ નિમિત્તે.

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૪.૨.૨૦૧૫ના રોજ સોનલબેન નિલેશભાઇ પંચોલીના નિવાસ સ્થાને મિટિંગ કરવામાં આવી. સમૂહમાં પ્રાર્થના બાદ ગત મિટિંગનો અહેવાલ મીનાબેન છગનભાઇએ અહેવાલ વાંચ્યો. ફરતી લાયબ્રેરી પ્રોજેક્ટ અંતરગત દરેક બહેનોને પુસ્તકો આપવામાં આવ્યા અને આવતી મિટીંગમાં વાંચીને લઇ આવવાનું સુચન કરવામાં આવ્યું. અનુરાધાબેને એક વાર્તા કહી સંભળાવી. વનમિનિટ રમ્યા.. તેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં દક્ષાબેન મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેનામાં નીતાબેન વિજેતા થયા હતાં. વિજેતાઓને ઇનામો મહિલા મંડળ તરફથી આપવામાં આવ્યા.

આ માસમાં આવતી બર્થડે નીપાબેન, ગીતાબેનને બર્થડે ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. એનીવર્સરીમાં બિનીતાબેન, જ્યોત્સનાબેન, નીરૂબેન, ગીતાબેન અને શીલાબેનને નીરૂબેને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી.

૫૧ નીપાબેન મૌલિકભાઇ મિસ્ત્રી-બર્થ ડે નિમિત્તે
૧૦૨ ગીતાબેન રાજેન્દ્રભાઇ-બર્થડે અને એનીવર્સરી નિમિત્તે.
૫૦ જ્યોત્સનાબેન બાબુભાઇ - એનીવર્સરી નિમિત્તે
૫૦ બિનીતાબેન હેમેન્દ્રભાઇ - એનીવર્સરી નિમિત્તે.

તા. ૨.૩.૧૫ના રોજ અમિતાબેન પ્રશાંતભાઇ પંચોલીને ત્યાં મિટિંગ રાખવાનું નકકી કરી નાસ્તા અને શરબતને ન્યાય આપી છુટા પડયા.

નવયુગ શુભચિંતક સ્વ. નારણભાઇ ભુલાભાઇ મિસ્ત્રી મુંબઇ સ્વ. નગીનલાલ છોટાલાલ પેન્ટર મુંબઇ

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત

તા. ૭.૨.૧૫ના રોજ સુરત પંચોલી મહિલા મંડળની ગાર્ડન પાર્ટી મિટિંગ રાખવામાં આવી જેમાં અઠવાગેટ પાસે આવેલ ચોપાટી ગાર્ડનમાં સર્વે બહેનો મળી.

એક દિવસીય પ્રવાસની ચર્ચા વિચારણા કરવામાં આવી. આ સાથે સામાન્ય જ્ઞાનના પ્રશ્નો-ઉત્તરની આપ લે કરી ગેમ રૂપે રમ્યા. સાથે હાઉસી ગેમ પણ રમ્યા. આગામી મિટિંગ બધી બહેનોને સગવડ પડે એ ધ્યાનમાં લઇ એરીયામાં રાખવામાં આવી છે. આ સાથે જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં આવતી બર્થ ડે નિમિત્તે તેઓને ફુલ અને સાડી કવર આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે સામાન્ય જ્ઞાન અને હાઉસીના વિજેતાને મનિષાબેન પંચોલી તરફથી ડેરી મીલ્ક ચોકલેટ આપવામાં આવી હતી. પાંવભાજીને ન્યાય આપ્યો. આગામી મિટિંગ શ્રીમતિ કિરણબેન મુરલીભાઇ ઝવેરીના ઘરે અઠવાલાઇન્સ મુકામે રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

૫૦૧ ભારતીબેન પ્રફુલભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

૨૦૧ મનિષાબેન ધર્મેશભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે.

૧૫૧ વિલાસબેન ચંદ્રકાંતભાઇ રૂવાલા-બર્થડે નિમિત્તે

માર્ચ માસમાં શરૂ થતી HSC અજે SSCની અને સ્કૂલની પરિક્ષાઓ શરૂ થતી હોય સમગ્ર પંચોલી સમાજના વિદ્યાર્થીઓ સારા માર્કસે ઉત્તિર્ણ થાય એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે..

## એક વાર જાવું હરીના ધામમાં



વ્યારા નિવાસી અ.સૌ. નયનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તા. ૩.૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૨

સુરત નિવાસી ડો. પિયુષભાઇ બળદેવભાઇ પંચોલી તા. ૪.૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૭



મુંબઇ(બીલીમોરા-ગડત) નિવાસી 'સમાજરત્ન' શ્રી પરમાનંદભાઇ રામજીભાઇ પંચોલી તા. ૨૫.૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૯૦





વડોદરા નિવાસી મુકુંદભાઇ હીરાભાઇ પંચોલી તા. ૨:૨:૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૩



ખડસુપા નિવાસી અ.સૌ. કલ્પનાબેન નવિનચંદ્ર પંચોલી તા. ૧૦:૨:૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૪૮

મુંબઇ નિવાસી ધીરજલાલ ગાંડાભાઇ પંચોલી તા. ૧૦.૧૧. ૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.

દિવંગત આત્માને પ્રભુ એમના ચરણોમાં શાશ્વત સુખ અર્પે તથા એમના કુટુંબીજનો પર આવી પડેલ આકસ્મીક આઘાત સહન કરવાની શકિત અર્પે એજ સમગ્ર પંચોલી સમાજની પ્રાર્થના સહ હૃદયાંજલી

નવયુગ શુભચિંતક શ્રી કૃષ્ણકાંત ગીરધરભાઇ પંચોલી મુંબઇ શ્રી બળવંતરાય ઠાકોરદાસ પંચોલી મુંબઇ

# કુર્યાત સદા મંગલમ્



બીલીમોરા નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી બિપીનચંદ્ર ગોવિંદદાસ મિસ્ત્રીના સુપુત્ર ચિ. ધવલના શુભલગ્ન પંચોલી નિવાસી શ્રીમતિ લતાબેન તથા શ્રી ભુપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ પંચોલી ની સુપુત્રી ચિ. તોરલ સાથે તા. ૨૪.૧.૨૦૧૫ રોજ થયા.



મુંબઇ-કાંદીવલી નિવાસી શ્રીમતિ ધર્મિષ્ઠાબેન તથા શ્રી અનિશકુમાર અમ્રતલાલ પંચોલીના સુપુત્ર ચિ. હર્ષના શુભલગ્ન સુરત નિવાસી શ્રીમતિ અલોકીબેન તથા શ્રી સંજયકુમાર મુકુંદચંદ્ર જરીવાલનની સુપુત્રી ચિ. ઐષા સાથે તા. ૧૪.૨.૨૦૧૫ રોજ થયા.



સુરત નિવાસી શ્રીમતિ વૈશાલીબેન અને શ્રી મુકેશભાઇ કનૈયાલાલ પંચોલીના સુપુત્ર ચિ. અંકિત(સાગર)ના શુભલગ્ન સુરત નિવાસી શ્રી મુકેશભાઇ શાહની સુપુત્રી ચિ. રમી સાથે તા. ૨૯.૧.૨૦૧૫ રોજ થયા.

# લગ્ન જીવનની ગોલ્ડન જયુબીલી



વ્યારા નિવાસી શ્રીમતિ વીરમતીબેન તથા શ્રી હરકિશભાઇ ગાંડાભાઇ પંચોલી તા. ૬.૨.૧૯૬૫ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે.



બીલીમોરા નિવાસી શ્રીમતિ કલાબેન તથા શ્રી ચંદ્રકાંત મગનલાલ મિસ્ત્રી તા. ૨.૨.૧૯૬૫ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે.

લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓને સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

# શતમ્ જીવમ્ શરદ :



અંકલેશ્વર નિવાસી શ્રી મગનભાઈ છગનભાઈ પંચોલી તા. ૨૨ : ૨ : ૨૦૧૫ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરે છે..

સમગ્ર પંચોલી સમાજ તેમને જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

નવયુગ શુભચિંતક સ્વ. છગનલાલ ઉત્તમરામ મિસ્ત્રી મુંબઈ શ્રી હરેશભાઈ નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઈ

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૫૧ નવસારી નિવાસી શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી તરફથી નોકરીમાંથી રીટાયર થયા તે નિમિત્તે....

રૂા. ૨૫૧ બીલીમોરા નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી બિપીનચંદ્ર ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી પુત્ર ધવલના લગ્ન નિમિત્તે...

રૂા. ૧૫૧ વડોદરા નિવાસી શ્રી કનુભાઇ સી. પંચોલી તરફથી પુત્રી 'ડૉ તેજલ'ની ત્રીજી પૂણ્યતિથિ નિમિત્તે...

રૂા. ૨૫૧ વડોદરા નિવાસી શ્રીમતિ નિર્મળાબેન મુકુંદભાઇ પંચોલી તરફથી સ્વ. મુકુંદભાઇના સ્મરણાર્થે

રૂા. ૧૫૧ અંકલેશ્વર નિવાસી શ્રી મગનભાઇ છગનભાઇ પંચોલી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૧૦૧ છોટાઉદેપુર નિવાસી શ્રી ચંદ્રકાંતભાઇ નગીનભાઇ પંચોલી તરફથી દોહિત્ર ચિ. પ્રિન્સના જન્મ નિમિત્તે..

# દેવના દિધેલ



સુરત નિવાસી સુનિલકુમાર નવિનચંદ્ર રૂવાલાને ત્યાં પુત્રરત્ન 'ચિ. વિહાન' નો જન્મ તા. ૩૧.૧. ૨૦૧૫ના રોજ થયો. માતા : જીગીષાબેન

વડોદરા નિવાસી ચિરાગકુમાર ઠાકોરભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. પ્રિન્સ' નો જન્મ તા. ૧૫.૧૧. ૨૦૧૪ના રોજ થયો. માતા : જીગીષાબેન



તેજગઢ નિવાસી કેતુલકુમાર હસમુખલાલ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. રેયાંશ' નો જન્મ તા. ૨૩.૧૦. ૨૦૧૪ના રોજ થયો. માતા : દિવ્યાબેન



મુંબઇ (બોરીવલી)નિવાસી વૈભવકુમાર પ્રવિણભાઇ પંચોલી ને ત્યાં પુત્રરત્ન ચિ. હિમીરનો જન્મ તા. ૨.૦૬ ૨૦૧૪ના રોજ થયો. માતા : ભાવિકાબેન

સંખેડા નિવાસી દુર્ગેશકુમાર પ્રકાશચંદ્ર પંચોલી ને ત્યાં પુત્રરત્ન ચિ. આદિતનો જન્મ તા. ૩૦.૧૨.૨૦૧૪ના રોજ થયો. માતા : ધરાબેન

Printed Book
પ્રિન્ટેડ બુક

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 291852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**